Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક
૯૩

# શ્રી આત્માનંદ પ્રકાશ

વિક્રમ સંવત ૨૦૫૨ સને ૧૯૯૫-૯૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર

# શ્રી આત્માનંદ પ્રકાશ



**Shree Atmanand Prakash**

**श्री आत्मानंद प्रकाश**

दुःखे विद्धि'मया सार्धं वर्तते परमेश्वरः' ।
एतद्भावनया दुःखं त्वदीयमुपरस्यति ।।

દુઃખની હાલતમાં એમ સમજ કે પરમેશ્વર મારી સાથે છે. આ પ્રકારની આન્તરિક ભાવનાથી તારું દુઃખ દૂર થશે, તારું અન્તઃકરણ પ્રસન્નતાથી સભર બનશે.

In the condition of misery, believe that God is with you.
By the force of this reflection your misery will end
and your mind will be filled with pleasure.

| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૩ | કારતક-માગશર | આત્મ સંવત : ૧૦૦ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૨ |
| અંક : ૧-૨ | નવેમ્બર/ડીસેમ્બર-૯૫ | વિક્રમ સંવત : ૨૦૫૨ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન .... .... .... | — | ૧ |
| (૨) | આત્મા બન્યો પરમાત્મા ( ગતાંકથી ચાલુ ) .... | અનુ. ડો. કુમારપાળ દેસાઇ | ૨ |
| (૩) | ઉમરાળામાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવ .... .... | | ૪ |
| (૪) | નૂતન વર્ષના મંગલ પ્રભાતે .... | ....શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ | ૫ |
| (૫) | ઉવસગ્ગહરમ્ તીર્થ ( મધ્ય પ્રદેશ ) મુકામે ઉજવાઇ ગયેલ પ્રતિષ્ઠા, દિક્ષા તથા ઉપધાન તપ માળા મહોત્સવ | .... સંકલન : શ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા | ૭ |
| (૬) | શ્રી જૈન આત્માનંદ સભાના પ્રાપ્ય ગ્રંથો .... .... .... | | ૯ |
| (૭) | કર્મરાજાની કરામત ( ગતાંકથી ચાલુ ) | સંકલન : કાન્તીલાલ આર. સલોત | ૧૧ |
| (૮) | હિન્દી વિભાગ .... .... .... .... .... .... | | |
| (૯) | શ્રી જૈન આત્માનંદ સભાની સામાન્ય સભા અંગે પરિપત્ર .... | ટા. પે. | ૩ |


## આ સભાના નવા આજીવન સભ્યો

## (૧) શ્રી પ્રવીણચન્દ્ર ગુલાબચંદભાઈ શાહ ભાવનગર
( સોપારીવાળા )

## (૨) શ્રી નગીનદાસ શામજીભાઈ શાહ ભાવનગર

## (૩) શ્રી કીર્તીકુમાર ધીરજલાલ શાહ ભાવનગર

## આ સભાના નવા પેટ્રન સભ્યો

## (૧) શ્રી ધીરૂભાઇ ગુલાબચંદભાઇ કાપડીયા મુંબઇ
( આજીવન સભ્યમાંથી પેટ્રન થયા )

## (૨) શ્રી પ્રતાપરાય પ્રેમચંદભાઈ શાહ નવસારી

## (૩) શ્રી અજયભાઇ પ્રતાપરાય વાગડીયા ભાવનગર
( નિશા મેડીકલ સ્ટોરવાળા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

# શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન

( ચાલ–રઘુપતિ રાઘવ રાજારામ...................... )



કાશી દેશ વણારસી ધામ, જન્મ્યા પ્રભુજી પાર્શ્વકુમાર;
પાર્શ્વકુમાર, પાર્શ્વકુમાર, ભજ ભાવે તું પાર્શ્વકુમાર.
કાશી દેશ વણારસી....૧

જગઆનંદી જગઆધાર, પોષ વદિ દશમી દિન સાર;
કાશી દેશ વણારસી....૨

વામાદેવી કે મલ્હાર, અશ્વસેન કુલના શણગાર;
કાશી દેશ વણારસી....૩

મંત્ર સુણાવીને નવકાર, અગ્નિ જલંતો નાગ ઉગાર;
કાશી દેશ વણારસી....૪



તાર્યા તેં અપરાધી અપાર, સેવકનો કિમ કરો વિસાર ?
કાશી દેશ વણારસી....૫

પાસ જિણંદા મેરે સ્વામ, મહેર કરી મુજ કરો ઉદ્ધાર;
કાશી દેશ વણારસી....૬

જંબૂ વિનતિ કરો સ્વીકાર, આપો શાશ્વત પદ અણાહાર;
કાશી દેશ વણારસી....૭

મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મા બન્યો પરમાત્મા

પ્રવચનકાર : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી
અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઇ

( ગતાંકથી ચાલુ-હપ્તો ૨ જો )

સ્વસ્થ માનવીને નહિ, પરંતુ બિમારને ડૉકટરની દવા કે સારવાર લેવી પડે છે. દર્દમુક્તિ થઇ ગયા પછી તેને કોઇ ઔષધ ઉપચારની જરૂર નથી. એ રીતે જ્યાં સુધી આત્મા પર કર્મોની માંદગી કે ક્રોધાદિ માનસિક વિકારોની બિમારી લાગુ પડી હોય, ત્યાં સુધી તેને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપી દવા લેવાની જરૂર હોય છે. જ્યારે આત્મા આ કર્મો કે વિકારોની માંદગીથી મુક્ત થઇને સ્વસ્થ, સ્વરૂપસ્થ થઇ જશે ત્યારે તેને કોઇ ઔષધ લેવાની આવશ્યકતા નહીં રહે. આ રીતે જ્યાં સુધી આત્મા પોતાનો રાજા-સ્વભાવ ભૂલીને કર્મોના ચક્કરમાં ઘૂમતો રહેશે અને પોતાની શક્તિનું ભાન ભૂલીને પરભાવો સાથે ખેલતો રહેશે, ત્યાં સુધી તે રંક જ રહેશે. કિંતુ જેવો આત્મા પોતાના સાચા રાજા-સ્વભાવને ઓળખી લેશે અને કર્મો તથા પરભાવોના ચક્રમાંથી બહાર આવી પોતાની શક્તિનો ખ્યાલ મેળવશે, ત્યારે તેને પરમાત્મારૂપી રાજા જેવા બનતા વાર નહીં લાગે.

આ વાતને સમજાવવા માટે આપણા સંતો સિંહના બચ્ચાનું આવું દૃષ્ટાંત આપે છે :

એક ગુફામાં સિંહણે સિંહબાળને જન્મ આપ્યો અને એનું પાલન-પોષણ કરતી હતી. એક દિવસ સિંહણ શિકારની શોધમાં ક્યાંક બહાર ગઇ હતી અને એનું બચ્ચું એકલું જ હતું. એ સમયે એક ભરવાડ ઘેટાંઓને લઇને પસાર થઇ રહ્યો હતો. એક-બે ઘેટાં ચરતાં-ચરતાં ગુફાની પાસે પહોંચી ગયાં. સાંજ પડવા આવી હતી, બધાં ઘેટાં ટોળામાં આવી પહોંચ્યા હતા, પરંતુ એક-બે ઘેટાં આવ્યા ન હતા. ભરવાડને ઘણો ગુસ્સો આવ્યો. એણે લાકડી લીધી અને ઘેટાંઓની પાસે આવીને જોરથી બૂમ પાડીને લાકડી ફટકારતા મોટા અવાજે કહ્યું :

"સાંજ પડવા આવી છે ને હજી સુધી તમે અહીંયા જ ચરી રહ્યા છો ?" એ સમયે સંજોગોવશાત્ સિંહનું બચ્ચું પોતાની ગુફામાંથી નીકળીને તે ઘેટાઓની પાસે આવીને બેઠું હતું. તેણે સાંજનું નામ સાંભળ્યું ત્યારે તે ડરી ગયું અને વિચાર્યું કે આ કોઇ ભયંકર જાનવર હશે, જે પ્રાણીઓને ખાઇ જતું હશે.

અંધારામાં કંઇ ન સૂઝવાથી ભરવાડે ઘેટાઓને લાકડી મારતાં-મારતાં સિંહના બચ્ચાને પણ લાકડી ફટકારી દીધી. બિચારું સિંહબાળ ભયભીત થઇને ગુફામાં જવાને બદલે ત્યાં જ બેસી રહ્યું જ્યારે ઘેટાં આગળ ચાલવા લાગ્યા ત્યારે એમની સાથે તે પણ ચાલવા લાગ્યું. પછી તો એ ઘેટાંઓની સાથે જ રહેવા લાગ્યું. ઘેટાંઓની જેમ જ ખાવા-પીવાનું, બોલવા-ચાલવાનું શીખી ગયું.

ભરવાડે વિચાર્યું, "સારુ થયું કે સિંહનું બચ્ચુ મારા વશમાં આવી ગયું અને ઘેટાઓની જેમ જ વર્તવા લાગ્યું છે."

એક દિવસ સંયોગવશાત્ ઘેટાંઓને હાંકતો-હાંકતો ભરવાડ એક નદી-કિનારે પાણી પીવડાવવા લાવ્યો. સિંહનું બચ્ચું સાથે જ હતું. જેવી રીતે ઘેટાંઓ નદીમાં પાણી પીતા હતા તેવી રીતે તે પણ પાણી પીવા માંડયું. નદીના સામા કિનારે એક વિકરાળ સિંહ બેઠો-બેઠો આ બધું નિરખતો હતો. એને ભારોભાર આશ્ચર્ય થયું કે આ સિંહબાળ મારી જાતિનું હોવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં ય આ ઘેટાઓની સાથે કેવી રીતે ભળી ગયું ? વળી પોતાની જાતને ભૂલીને આ ઘેટાંઓની જેમ શા માટે વર્તે છે ? મારે એને સાવધાન કરવું જોઈએ.

આમ વિચારીને વિકરાળ સિંહે મોટેથી સિંહ ગર્જના કરીને સિંહબાળનું ધ્યાન ખેંચ્યું અને ઇશારો કર્યો કે,

“ અરે સિંહ શિશુ ! તું તો મારી જાતિનું સંતાન છે. આ ઘેટાંઓની સાથે તું કેમ ભળી ગયું છે ? તું તારી જાત માટે જાગૃત થા. ”

પહેલી ગર્જનાનો સિંહના બચ્ચાએ કોઇ જવાબ ન આપ્યો. બચ્ચાએ સિંહને સંકેત કર્યો કે, “ હું ક્યાં સિંહ છું ? હું તો ઘેટું છું. આ ઘેટાંઓની સાથે જ ખાવ પીવ છું, જાગુ-સૂવું છું. તારી અને મારી જાતિ એક નથી. મને ફોગટ ઉશ્કેરીશ નહીં. ”

વિકરાળ સિંહે તેને પ્રેમથી કહ્યું, “ અરે બાળક, તને મારી વાત પર વિશ્વાસ ન હોય તો નદીના પાણીમાં તારું પ્રતિબિંબ જો અને પછી મારા ચહેરા સાથે તારા ચહેરાની સરખામણી કર. તને સ્વયં ખબર પડી જશે કે તું ઘેટું છે કે સિંહ ? ” સિંહના બચ્ચાએ નદીના પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું અને પછી પોતાનો ચહેરો સિંહના ચહેરા સાથે સરખાવ્યો તો તેને સામ્ય દેખાયું.

વિકરાળ સિંહે તેને કહ્યું, “ હવે તો તને પાકી ખાતરી થઇ ગઇ ને ? તું ઘેટું નથી, બલ્કે મારી જાતિનો સિંહ છે. જો હજી પણ શંકા હોય તો જો હું ગર્જના કરું છું તેવી રીતે તું પણ ગર્જના કર. આ ભરવાડ અને ઘેટાંઓ તારી સામે જોતાં જ ડરીને ભાગવા માંડશે. ” સિંહના બચ્ચાએ જેવી ગર્જના કરી કે ઘેટાંઓ ડરના માર્યા ભાગ્યા અને અહીં-તહીં વિખરાઇ ગયા

આ સમયે ભરવાડે વિચાર્યું, “ હવે આ સિંહબાળ મારા કહ્યામાં નથી, તે પોતાની જાતને સિંહ સમજવા માંડ્યો છે. એટલે તેને અહીં જ રહેવા દઇને ભાગી જઈએ. એમાં જ મારું ભલું છે. ”

ભરવાડ પોતાના ઘેટાંઓને લઇને ત્યાંથી ભાગી ગયો. સિંહનું બચ્ચુ વિકરાળ સિંહની સાથે પોતાની જગાએ ગયું.

આ દૃષ્ટાંત આત્માને પણ લાગુ પાડી શકાય. આ આત્મા પરમાત્માની જેમ જ સિંહસ્વરૂપ છે, પરંતુ કર્મોરૂપી ઘેટાં અને મોહરૂપી ભરવાડોના ભૂલાવામાં પડીને પોતાનાં સાચા સ્વરૂપને ભૂલીને મોહના ઇશારા પર નાચે છે. કર્મવિકારોની સાથે તે પણ તે મુજબ વર્તવા લાગ્યો છે અને પોતાને ઘેટું જ સમજવા માંડ્યો છે એક દિવસ એને પરમાત્મસ્વરૂપનો કોઇ આપ્ત પુરુષ ખ્યાલ આપે છે અને આ આપ્ત પુરુષની વાત પર વિશ્વાસ ઠેરવીને જ્ઞાનરૂપી જળમાં આત્માના સાચા સ્વરૂપને જુએ છે એ પછી દૃઢ વિશ્વાસ જાગે છે કે હું ઘેટું નહીં, બલ્કે સિંહ છું. પરમાત્મારૂપી સિંહ જેવું જ મારું સ્વરૂપ છે. બસ, ત્યારથી જાગૃત બનીને આવીને તપ સંયમમાં પરાક્રમ કરે છે ત્યારે કર્મરૂપી ઘેટાં અને મોહરૂપી ભરવાડ બધા તેને છોડીને ભાગી જાય છે તે પોતાના સ્વસ્વરૂપ-પરમાત્મ સ્વરૂપને પામે છે.

આ રીતે કર્મજન્ય ઉપાધિઓ આત્મા પરથી દૂર થાય તે સમયે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે, એ જ આત્મા પરમાત્મા કહેવાય છે.


( ક્રમશઃ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ઊમરાળામાં અંજનશલાકા તથા પ્રતીષ્ઠા મહોત્સવ



સંવત ૨૦૫૨ ના માગસર સુદ ૧૦ તા. ૧-૧૨-૯૫ ને શુક્રવારના **શ્રી અજીતનાથ દાદાની** પુનઃ પ્રતિષ્ઠા તથા અંજનશલાકા મહોત્સવ પૂ. આ. ભ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભ નિશ્રામાં ઊજવાયેલ હતો.

ઊમરાળામાં જે ૧૪૫ વર્ષ જુનુ કાષ્ટનું જીનાલય હતુ તેનો જીર્ણોદ્ધાર કરી શીખરબંધી બંધાવેલ છે અને નવા જીનાલયમાં (ભોંયરામાં) જીનપ્રતીમા **શ્રી મુનીસુવૃતસ્વામી** નવા બીરાજમાન, જસાણી નગીનદાસ જીવરાજભાઈ ઊમરાળાવાળાએ કરાવેલ છે.

મહોત્સવમાં તેર દિવસનો મહોત્સવ રાખેલ હતો અને ઊમરાળાના વતની હાલ : મુંબઈ, સુરત, ભાવનગર વિગેરેના સહકારથી તેર દિવસનો સવાર, બપોર, સાંજનો જમણવાર (સ્વામી-વાત્સલ્ય) રાખેલ હતા.

## સોનામાં સુગંધ :

ઊમરાળાવાળા સલોત પરીવાર તરફથી ઉમરાળામાં કાયમી ભોજનશાળા સ્થપાયેલ છે.

સંઘ તરફથી રહેવાની સગવડતા ખુબ જ સારા પ્રમાણમાં છે. યાત્રાળુઓ માટે પૂર્ણ સગવડતાઓ છે. નાના એવા ગામમાં તીર્થનો લાભ લેવા જેવું છે. વલભીપુરથી ફક્ત ૧૦ કી. મી. થાય છે.

સાધુ સાધ્વીજી માટે વિહારમાં આવતા જતા ઉપયોગી થાય તેમ છે.

## કમીટીના સભ્યો :

શ્રી સૌભાગ્યચંદ પોપટલાલ સલોત-મુંબઈ
શ્રી નગીનદાસ જીવરાજભાઈ જસાણી-મુંબઈ
શ્રી કીર્તીકુમાર ચુનીલાલ શાહ-મુંબઈ
શ્રી ભીખુભાઈ તલકચંદ જસાણી-ભાવનગર
શ્રી ચંદુલાલ જગજીવનદાસ-ઊમરાળા
શ્રી અનંતરાય બાબુલાલ જસાણી-ઊમરાળા
શ્રી કીર્તીકુમાર દલીચંદ ગાંધી-ઊમરાળા

વિગેરેએ દેખરેખ રાખેલ અને આ કાર્યમાં ખુબ જ જહેમત ઊઠાવેલ. મુંબઈ મિત્ર મંડળે ખુબ રસ લઈ કાર્ય કરેલ તેમજ ઓગણત્રીસ છોડનું ઊજમણું કરેલ.

આ કાર્યમાં પૂ. આ. શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ. તથા મુહૂર્તદાતા પૂ. આ. શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મ.ના આશીર્વાદથી પ્રસંગ ખૂબ જ ધામધૂમ-પૂર્વક નિર્વિઘ્ને પુર્ણ કરેલ છે.

# હિંસા એટલે શું ?

હિંસા એટલે કોઈને મારવું કે કોઈનો નાશ કરવો એ જ હિંસા નથી. મન વચન કે કાયાથી કોઈને ઇજા પહોંચાડવી કે કોઈનું બુરુ ઇચ્છવું એ પણ એક પ્રકારની હિંસા જ છે. શરીર, વાણી અને મનની ગુલામી ઘણી ઘાતક છે અને માનવતાથી દૂર લઈ જનારી છે. માનવનું સમગ્ર જીવન જ એવું સરલ, નિષ્કપટ અને પ્રેમમય બની જવું જોઈએ કે તેનાથી કોઈનું અહિત ન થાય.... અને અહિત ન કરવામાં જ અહિંસાનું પાલન સમાયેલુ છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ-પ્રમુખ

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિક ૯૨ વર્ષ પૂરા કરીને ૯૩ માં વર્ષમાં પ્રવેશ કરે છે, તથા શ્રી જૈન આત્માનંદ સભાએ શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરેલ છે, જે આપણા સર્વેને માટે આનંદ તેમજ ખૂબ જ ગૌરવનો વિષય છે.

"શ્રી આત્માનંદ પ્રકાશ" આત્મજ્ઞાનની પમરાટ પ્રસરાવતું, સદ્જીવન તથા સદ્વિચાર અર્થે જ્ઞાન પ્રગટાવતું, પ્રગતિના પંથે પ્રયાણ કરતું રહ્યું છે. વળી "શ્રી આત્માનંદ પ્રકાશ"માં હીન્દી વિભાગ પણ શરૂ કરવામાં આવેલ છે.

અમો માસિકમાં વિદ્વાન પૂ. ગુરૂભગવંતોના લેખો, જૈન ધર્મનાં તત્વજ્ઞાનના લેખો, વિદ્વાન ભાઈઓ અને બહેનોના લેખો, જૈન સાહીત્ય અને ઇતિહાસનાં લેખો, ભક્તિના લેખો રજૂ કરીએ છીએ તેમજ આત્મોન્નતિ અને સમાજોન્નતિ તરફ પ્રેરે તેવા સમાચારો પણ પ્રગટ કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભાની અન્ય પ્રવૃત્તિઓ તરફ જરા નજર કરીએ.

શ્રી જૈન આત્માનંદ સભા જૈન સાહીત્ય તેમજ ભારતીય સમગ્ર દાર્શનિક સાહીત્યનાં પ્રકાશન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. આગમ સંશોધક પરમ પૂજ્ય મુનિરાજ શ્રી જંબુવિજયજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ કરીને સંશોધિત કરેલ અને સંપાદિત કરેલ શ્રી દ્વાદશારનયચક્રમ્નાં ત્રણ ભાગોનું આપણી સભાએ પ્રકાશન કરેલ છે, જેની પરદેશમાં જર્મની, જાપાન, ઓસ્ટ્રીયા, અમેરીકા વિગેરે દેશોમાં પણ માંગ છે. તેનો પહેલો ભાગ રી-પ્રીન્ટ કરાવવાનું કાર્ય ચાલે છે. સંવત ૨૦૦૮ ની સાલમાં આપણી સભાએ શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) પ્રકાશીત કરેલ તેની સુધારેલી આવૃત્તિ (ગુજરાતીમાં) નું પ્રકાશન કાર્ય પણ પ. પૂ. આચાર્ય શ્રી નયપ્રભસુરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ચાલી રહ્યું છે તેમજ હીંદી આવૃત્તિનું પ્રકાશન પ. પૂ આચાર્ય શ્રી ઇન્દ્રદિન્નસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી ચાલી રહ્યું છે. આ ઉપરાંત બીજા પણ અપ્રાપ્ય ગ્રંથોનું પ્રકાશન આ શતાબ્દી વર્ષમાં કરવાની ભાવના છે.

આ સભા પોતાના જ મકાનમાં "જાહેર ફ્રી વાંચનાલય" ચલાવે છે. ભાવનગર, રાજકોટ, અમદાવાદ તથા મુંબઈનાં દૈનિક છાપાઓ તથા વેપારને લગતા અઠવાડીક અંકો વાંચવા માટે મૂકવામાં આવે છે. આ ઉપરાંત ધાર્મિક અને અન્ય માસિકો પણ વાંચવા માટે મૂકવામાં આવે છે. અનેક ભાઈઓ તેનો સારો લાભ લે છે.

આ સભા સારી લાઇબ્રેરી ચલાવે છે; જેની અંદર પ્રતો. જૈન ધર્મના પૂસ્તકો. સંસ્કૃત-પ્રાકૃત પુસ્તકો, વ્યાકરણનાં પુસ્તકો, અંગ્રેજી, ગુજરાતી, હીન્દી પુસ્તકો અને નોવેલો વિગેરે છે. જેનો લાભ પ. પૂ ગુરૂ ભગવંતો અને પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો ચોમાસા દરમ્યાન અભ્યાસ માટે તેમજ વ્યાખ્યાનમાં પ્રવચન આપવા માટે સારા પ્રમાણમાં લે છે. જૈન અને જૈનેતર ભાઈઓ અને બ્હેનો પણ વર્ષ દરમ્યાન સારા પ્રમાણમાં લાઇબ્રેરીનો ઉપયોગ કરે છે.

## ધાર્મિક પ્રવૃત્તિઓ :

૧. સંવત ૨૦૫૧ માં માગશર શુદ ૧૫ ને રવિવાર તા. ૧૮-૧૨-૧૯૯૪ ના રોજ ઘોઘા નવખંડા પાર્શ્વનાથ દાદાના રંગમંડપમાં પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા સંગીતકારોની મંડળી સાથે ભવ્ય રાગ-રાગિણીપૂર્વક ભણાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી હતી. ઘણી જ સારી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા. સવારે તથા બપોરે ગુરૂભક્તિ તથા સ્વામિભક્તિ કરવામાં આવી હતી.

૨. સંવત ૨૦૫૧ ના પોષ શુદ ૨ તા. ૩-૧-૯૫ ના રોજ લકઝરી બસ દ્વારા પાવાગઢ, નંદૂીગ્રામ, વાપી, દમણ, ઉદવાડા, બગવાડા, વલસાડ, તીથલ, નવસારી તપોવન, સૂરત, રામરેજ ચાર રસ્તા, મગદલ્લા, (નવા નાગેશ્વર) ડુમ્મસ, અમરોલી, વડોદરા, ભરૂચ, માતર, જગડીયાજીનો પ્રવાસ યોજવામાં આવેલ હતો. સારી સંખ્યામાં ભાઈઓ તથા બ્હેનો આ યાત્રામાં જોડાયા હતા અને દરેક સ્થળે પૂજા. સેવા તથા દર્શનનો લાભ ખૂબ આનંદ ઉલ્લાસ સાથે લીધો હતો.

૩. પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી આત્મારામજી મહારાજનો ૧૫૯મો જન્મ મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૫૧ ના ચૈત્ર શુદ એકમના રોજ આ સભા તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવી હતી બીજને દીવસે ગુરૂભક્તિ તથા સ્વામી ભક્તિ રાખવામાં આવેલ. સારી સંખ્યામાં સભ્ય ભાઈઓ તથા બ્હેનો યાત્રામાં જોડાયેલ તથા સેવા પૂજાનો લાભ લીધો હતો.

૪. સંવત ૨૦૫૧ ના જેઠ વદ ૬ ને રવિવાર તા. ૧૮-૬-૯૫ ના રોજ તળાજા (તાલધ્વજગિરિ) યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. તેમાં સભાનાં સારી સંખ્યામાં ભાઈઓ તથા બ્હેનો જોડાયા હતા. તળાજા ડુંગર ઉપર દાદાના દરબારમાં રાગ રાગિણીપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. સવારે તથા બપોરે આવેલ સભ્યોની સ્વામીભક્તિ તેમજ ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

**અન્ય પ્રવૃત્તિઓ :**

૧. સંવત ૨૦૫૧ નાં કાર્તક શુદ એકમના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે સભ્યોનું સ્નેહમિલન રાખવામાં આવ્યું હતું; અને દુધ પાર્ટી રાખવામાં આવી હતી.

૨. સંવત ૨૦૫૧ ની જ્ઞાન પંચમીનાં રોજ સભાનાં લાયબ્રેરી હોલમાં સુંદર અને કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવેલ. જ્ઞાનના દર્શનાર્થે સવારના ૬ વાગ્યાથી પ. પૂ. આચાર્ય ભગવંતો તથા પ. પૂ. મુનિ ભગવંતો તથા પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો દર્શનાર્થે પધારેલ અને દર્શનનો લાભ લીધો હતો. ખૂબ જ સારી સંખ્યામાં ભાઈઓ અને બ્હેનોએ દર્શનનો અને જ્ઞાન પૂજાનો લાભ લીધો હતો.

૩ કેળવણી વિષયક પ્રવૃત્તિઓમાં, આ વરસે એસ. એસ. સી. પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં ૮૦ ટકાથી વધારે માર્ક્સ મેળવનાર વિદ્યાર્થી ભાઈ બ્હેનોને-આ વરસ આપણી સભાનું શતાબ્દી વર્ષ હોઇને-વધારે રકમનાં ઇનામો આપવાનું આયોજન કરવામાં આવેલ અને તે મુજબ ૨૪ ઈનામો આપવામાં આવેલા.

૪. શ્રી ભાવનગર જૈન શ્વેતાંમ્બર મૂર્તિ-પૂજક જૈન સમાજનાં કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, ટર્મની ફી આપવામાં આવે છે, જેનો ૧૬ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

૫. સભા પોતે પ્રકાશિત કરેલા ગ્રંથોનું વેચાણ કરે છે તથા પ. પૂ. મહારાજ સાહેબો, પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો તથા જ્ઞાન ભંડારોને ભેટ પણ આપે છે.

સંવત ૨૦૫૧ ની સાલમાં આઠ પેટ્રનો તથા ચોત્રીસ નવા આજીવન સભ્યો થયા છે.

આ સભાની પ્રગતીમાં પ. પૂ. ગુરૂ ભગવંતો, પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો, વિદ્વાન લેખકો અને લેખિકાઓ, પેટ્રનો, આજીવન સભ્યો વિગેરેએ જે સાથ સહકાર આપેલ છે તે સહુનો ખૂબ જ આભાર માનવામાં આવે છે.

તમારા સહુનાં જીવનને હર્ષ અને ઉલ્લાસ માર્ગે પ્રેરે તેવી પ્રાર્થના અને શુભેચ્છા સાથે નૂતન વર્ષાભિનંદન....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉવસગ્ગહરમ્ તીર્થ (મધ્યપ્રદેશ) મુકામે ઉજવાઈ ગયેલ પ્રતીષ્ઠા, દિક્ષા તથા ઉપધાનતપ માળા મહોત્સવ

પરમ પૂજ્ય આચાર્ય દેવેશ વિક્રમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પ. પૂ. આચાર્ય દેવ રાજયશસૂરીશ્વરજી મ. સા. આદિ મુની ભગવંતો તથા પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબ રત્નચૂલાશ્રીજી આદિ શ્રમણીગણની તારક નિશ્રામાં સંવત ૨૦૫૨ કારતક વદ ૧૨ ને રવિવાર તા. ૧૯-૧૧-૯૫ના મંગળમય દિવસે મધ્યપ્રદેશ દુર્ગ શહેર નજીક નગપુરા ગામે પારસનગર મધ્યે એક ભવ્યાતી ભવ્ય મહોત્સવ સંપન્ન થયો. આ સ્થળ શીવનાથ નદી કિનારા નજીક આવેલું છે.

આ સ્થળ પરમતારક દેવાધિદેવ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણ રજથી પવિત્ર થયેલ છે. પ્રાચીન સમયમાં આ સ્થળે પાર્શ્વનાથ પ્રભુજીના ચરણ પાદુકાની એક દેવકુલીકા અત્રે હતી, જે જોગાનુજોગ ખંડેર હાલતમાં મળી આવતા આ દેરીની પ્રથમ પ્રતિષ્ઠા સંવત ૯૧૯ માં થઈ હતી. કાળક્રમે તે ખંડેર થઈ ગઈ અને વૃક્ષોના ઝુંડમાં દબાઈ ગઈ.

યોગાનુયોગ દૈવી સ્વપ્નમાંના આદેશથી એક કુવાનું ખોદકામ કરતા ઉવસગ્ગહરમ્ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી જીવતા સર્પથી વીંટળાયેલ દુધ જેવા પાણીના ખાડામાંથી પ્રાપ્ત થઈ. આ પ્રતીમાજી મૂળ દેરીના સ્થળ પાસે લાવવામાં આવી અને તે જગ્યા ઉપર ભવ્ય જીનાલયનું નિર્માણ થયું અને આ પ્રતિમાજી સાથે બીજી અનેક પ્રતિમાજીઓની આ મંદિરમાં તા. ૫-૨-૯૫ ના રોજ પ્રતિષ્ઠા થઈ. આ મુખ્ય મંદિરની જમણી બાજુએ કલ્યાણમંદિર આદિ એ મંદિરો નિર્માણ થયા અને ડાબી બાજુ નમીઉણમંદિરનું નિર્માણ થયું. જમણી બાજુ બીજુ એક શાસનરક્ષક મણિભદ્રજીનું ભવ્ય મંદિર તથા ડાબી બાજુ રાજ રાજેશ્વરી માતા ભગવતી પદ્માવતીદેવીનું સુંદર ભવ્ય મંદિર નિર્માણ થયું છે.

પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રભુજીના અભિષેક કરવા માટે એક ભવ્ય મેરુપર્વતનું નિર્માણ થયું. દિર્ઘદ્રષ્ટા આચાર્યદેવ શ્રી રાજયશસૂરીજીએ આ પર્વતની અંદર ભારતમાં સૌ પ્રથમ એક ગુફા જીનાલયનું આયોજન કરાવ્યું. આ ગુફા જીનાલયમાં પરમ પૂજ્ય આચાર્ય દેવેશ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે ભરાવી અંજનશલાકા કરાવેલ ૨૪ તીર્થંકરોની ચોવીસ પ્રતીમાજીને ગાદી નશીન કરવાનું આચાર્ય શ્રી રાજયશસૂરીજીએ નક્કી કર્યું.

આ જીનાલયની પ્રતીષ્ઠા સં. ૨૦૫૨ કારતક વદ ૧૨ તા. ૧૯-૧૧-૯૫ ને રવિવારે યોજવામાં આવી. આ શુભ દિને અમદાવાદ નિવાસી કુમારી નીલમબેન જીતેન્દ્રભાઈને ભગવતી પ્રવ્રજ્યા આચાર્યદેવ રાજયશસૂરીજીએ પ્રદાન કરી અને ઉપધાનતપ માળ તા. ૨૧-૧૧-૯૫ ના રોજ પહેરાવવામાં આવી.

મેરુપર્વત ગુફા મંદિરમાં ભાવનગર નિવાસી હિંમતલાલ અનોપચંદ મોતીવાળા, શ્રીમતિ ચંદ્રાબેન મણીલાલ સંઘવી, મોંઘીબેન દિપચંદ શાહે લાભ લીધો તથા નમીઉણ મંદિરમાં સંઘવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુંદનબેન નવીનચંદ્ર તથા ચંપાબેન અનોપચંદ મોતીવાળાએ લાભ લીધો છે.

આ પ્રતિષ્ઠા મહોત્સમાં હજારો યાત્રિકો પધાર્યા હતા. ભાગ્યશાળીઓ તરફથી સવારે નવકારશી તથા બપોરે અને સાંજે જમવાની સુંદર વ્યવસ્થા મણીભદ્રજી ભોજનશાળામાં કરવામાં આવી હતી

આ તીર્થમાં યાત્રીકો માટે સંપૂર્ણ સુવિધાવાળી ભવ્ય પાંચ ધર્મશાળાઓ છે.

સુંદર આયંબીલ ભુવનની પણ કાયમી સગવડ છે.

બે ગુરુ મંદિરો પણ આકાર લઇ રહ્યા છે. અન્ય મંદિર આદિના આયોજન થઇ રહ્યા છે

આ તીર્થે જવા માટે અમદાવાદ હાવડા ટ્રેનમાં દુર્ગ સ્ટેશને ઉતરી વાહન દ્વારા પારસનગર (નગપુરા) જવાની સગવડ મળે છે. દુર્ગ સ્ટેશન નાગપુર-રાયગઢ વચ્ચે આવેલ છે. દુર્ગ શહેરમાં પણ દાદાવાડીમાં ભવ્ય જીનાલય છે અને ત્યાં પણ ઉતરવાની સુંદર વ્યવસ્થા છે. (ભોજનશાળા નથી.)

ઉવસગ્ગહરમ્ તીર્થ નિર્માણમાં શરૂથી આજ પર્યંત શ્રી રાવલમલજી જૈન 'મણી' મેનેજીંગ ટ્રસ્ટી છે. તેમના ખંત, ઉત્સાહ અને ઉંડી સુઝને લીધે આ તીર્થ ભવ્યાતી ભવ્ય બન્યુ છે. આજે પણ શ્રી રાવલમલજી જૈન 'મણી' તન-મન-ધનથી ખૂબ ભોગ આપી રહ્યા છે તેઓશ્રી ધન્યવાદને પાત્ર છે.

–હિંમતલાલ અનોપચંદ મોતીવાળા
ભાવનગર

# શ્રી જૈન આત્માનંદ સભામાં પધારતા જૈનાચાર્ય
# પ. પૂ. ગચ્છાધિપતિ શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ. સા.

વર્તમાન સમયમાં જ્ઞાનમંદિરો આત્માનાં વિશ્રામસ્થાનો છે અને જ્ઞાન સાચો માર્ગ બતાવતા મિત્રો છે. એમાં સંગ્રહાયેલા મહાત્મા પુરુષો અને જ્યોતિર્ધરોનાં અમૃતતુલ્ય વચનો જીવનને નવી નવી પ્રેરણાઓ આપી મનુષ્યનું ઘડતર કરે છે. એ જ્ઞાન દિવડીઓ આત્મામાં પ્રકાશના કણો પ્રગટાવે છે. આવું કાર્ય સતત્ એકસો વર્ષથી ભાવનગરની શ્રી જૈન આત્માનંદ સભા કરી રહેલ છે. અત્યાર સુધીમાં અનેક પ્રાચીન ગ્રંથો પ્રગટ કરીને સંસ્થાએ માનવજીવનને અજવાળવાનો અને જૈન શાસનનું ગૌરવ વધારવાનો પ્રયાસ કરેલ છે અને ભવિષ્યમાં આવો વિશેષ પ્રયાસ કરવાની ઉમેદ ધરાવે છે

એવા જ્ઞાનમંદિર શ્રી જૈન આત્માનંદ સભામાં પ. પૂ. ગચ્છાધિપતિ સુબોધસાગરસૂરીશ્વરજી મ. સા. પધારેલ. તે પ્રસંગે સંસ્થાના પ્રમુખ પ્રમોદભાઇ, ઉપપ્રમુખ ચીમનભાઇ, સેક્રેટરી કાંતીભાઇ તથા દિવ્યકાંત સલોત, ટ્રેઝરર ચીમનભાઇ, કારોબારી સભ્યો હિંમતભાઇ, ભુપતભાઇ વિગેરેને અમુલ્ય પ્રાચીન ગ્રંથોની જાળવણી અંગે યોગ્ય સુચનો કરી સમગ્ર જૈન સમાજને શ્રી જૈન આત્માનંદ સભાની લાયબ્રેરીનો લાભ લેવા જણાવી સંસ્થાની ૧૦૦મા વર્ષની ઉજવણી કરવા આશિર્વાદ આપેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભાના પ્રાપ્ય ગ્રંથો

**શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ પુસ્તકો**
**તથા જૈન પ્રતોનું વેચાણ શરૂ છે.**
દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો....
તા. ૧૫-૧-૧૯૯૬થી નીચેની કીંમતથી મળશે....
આમાંથી રૂા. ૨૦૦/- અને ૨૦૦/- થી વધારે કીંમતના પુસ્તક ખરીદ કરનારને
૧૦ ટકા કમીશન બાદ આપવામાં આવશે....
( પોસ્ટેજ તથા આંગડીયા ચાર્જના અલગ આપવાનાં રહેશે )

| અનુક્રમ નંબર | પુસ્તકનું નામ | પુસ્તક નંગ ૧ ની વેચાણ કિંમત રૂા. પૈસા |
|---|---|---|
| | **સંસ્કૃત ગ્રંથો** | |
| ૧. | ત્રિશષ્ઠી શલાકા પુરૂષ ચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૫૦-૦૦ |
| ૨. | ત્રિશષ્ઠી શલાકા પુરૂષ ચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૫૦-૦૦ |
| ૩. | દ્વાદશાર નયચક્રમ ભાગ ૧ લો | ૨૦૦-૦૦ |
| ૪. | દ્વાદશાર નયચક્રમ ભાગ ૨ જો | ૨૦૦-૦૦ |
| ૫. | દ્વાદશાર નયચક્રમ ભાગ ૩ જો | ૨૦૦-૦૦ |
| ૬. | સ્રી નિર્વાણ કેવલી ભુક્તિ પ્રકરણ મૂળ | ૨૫-૦૦ |
| ૭. | જિનદત્ત આખ્યાન | ૧૫-૦૦ |
| ૮. | શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયા સૂત્ર પ્રતાકારે | ૨૦-૦૦ |
| ૯. | પ્રાકૃત વ્યાકરણમ્ | ૫૦-૦૦ |
| ૧૦. | શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૫-૦૦ |
| ૧૧. | શ્રી નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૭-૦૦ |
| | **ગુજરાતી ગ્રંથો** | |
| ૧૨. | શ્રીપાળ રાજાનો રાસ | ૫૦-૦૦ |
| ૧૩. | શ્રી જાણ્યુ અને જોયુ | ૧૦-૦૦ |
| ૧૪. | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨૦-૦૦ |
| ૧૫. | શ્રી કથારત્ન કોષ ભાગ ૧ લો | ૩૦-૦૦ |
| ૧૬. | શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે ( લે. સ્વ. પૂ. આચાર્ય શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી ) | ૪૦-૦૦ |
| ૧૭. | શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૧ | ૪૦-૦૦ |
| ૧૮. | શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૨ | ૪૦-૦૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| અનુક્રમ નંબર | પુસ્તકનું નામ | પુસ્તક નંગ ૧ની વેચાણ કિંમત રૂા. પૈસા |
|---|---|---|
| ૧૯. | શ્રી શત્રુંજય ગિરીરાજ દર્શન | ૧૦-૦૦ |
| ૨૦. | વૈરાગ્ય ઝરણા | ૩-૦૦ |
| ૨૧. | ઉપદેશમાળા ભાષાન્તર | ૩૦-૦૦ |
| ૨૨. | ધર્મ કૌશલ્ય | ૧૦-૦૦ |
| ૨૩. | નમસ્કાર મહામંત્ર | ૫-૦૦ |
| ૨૪. | પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક-પાકુ બાઈન્ડીંગ | ૧૦-૦૦ |
| ૨૫. | આત્મ વિશુદ્ધિ | ૧૦-૦૦ |
| ૨૬. | જૈન દર્શન મીમાંસા | ૧૦-૦૦ |
| ૨૭. | શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૨-૦૦ |
| ૨૮. | આર્હત ધર્મ પ્રકાશ | ૫-૦૦ |
| ૨૯. | આત્માનંદ ચોવીશી | ૨-૦૦ |
| ૩૦. | બ્રહ્મચર્ય ચારિત્ર પૂજા દિત્રયી સંગ્રહ | ૫-૦૦ |
| ૩૧. | આત્મ વલ્લભ પૂજા | ૫-૦૦ |
| ૩૨. | ચૌદ રાજલોક પૂજા | ૨-૦૦ |
| ૩૩. | નવપદજીની પૂજા | ૫-૦૦ |
| ૩૪. | ગુરૂભક્તિ ગંહુલી સંગ્રહ | ૨-૦૦ |
| ૩૫. | ભક્તિ ભાવના | ૨-૦૦ |
| ૩૬. | જૈન શારદા પૂજન વિધિ | ૧-૦૦ |
| ૩૭. | જંબુ સ્વામિ ચરિત્ર | ૧૫-૦૦ |
| ૩૮. | આત્મ-વલ્લભ પૂજા સંગ્રહ | ૫-૦૦ |

# શોકાંજલિ

શ્રી જયસુખલાલ હીરાચંદ શાહ-મહુવાવાળા (ઉં વ.૭૦) તા. ૨૬-૧૨-૯૫ મંગળવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખુબ જ ધાર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. દરેક ધાર્મીક કાર્યોમાં આગળ પડતો ભાગ લેતા અને જાતે દરેક ધાર્મીક કાર્યોમાં તન-મન-ધનથી સેવા આપતા હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઈટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મરાજાની કરામત

( અંક ૧૧-૧૨ થી ચાલુ )



સંકલન : કાન્તીલાલ આર. સલોત
( મહાસતિ શારદાબાઈના વ્યાખ્યાનમાંથી )

## સસરા પાસે કરેલી માગણી :

જ્યારે માણસ ખોટા રસ્તા ઉપર ચાલવાને તૈયાર થાય છે તો તેની બુદ્ધિ પણ કોઈને કોઈ ખોટો રસ્તો શોધી લે છે આ પુત્રવધૂએ પોતાના વિચારોને વર્તનમાં લાવવા માટે એક કિમિઓ શોધી કાઢ્યો. બીજા દીવસે તેણે સસરાજીને કહ્યું, "બાપુજી ! આપણો રસોઈઓ ખુબ જ વૃદ્ધ થઈ ગયો છે. આંખે બરાબર દેખતો નથી, આજે દુધ ભાત ખાતા તેમાંથી એક ઈયળ નીકળી. રસોઈ બનાવવામાં તેને મુશ્કેલી પડે છે. કોઈ કામમાં જયણા જળવાતી નથી. માટે આપ કોઈ નવ યુવાન રસોઈઓ લઈ આવો તો તે રસોઈ સારી બનાવે. કોઈ કામમાં અજયણા ન થાય હું આજથી તે વૃદ્ધ રસોયાને રજા આપવા ઈચ્છા રાખું છું હવે તે ઘરડો રસોયો કોઈ કામનો નથી." પુત્રવધૂના આટલા શબ્દોમાં શેઠ સમજી ગયા શેઠની બુદ્ધિ જીવનના ચઢાણ-ઉતરાણના પ્રસંગોમાં ખુબ ગંભીર અને વિચિક્ષણ બની ગઈ હતી, તે પુત્રવધૂના આટલા શબ્દો સાંભળતા બધી વાત સમજી ગયા હવે દુધ ફાટવાની તૈયારી છે દુધમાં દહીં પડયુ છે. હજુ ફાટયું નથી, માટે આ વાત વિચારવા જેવી છે. ત્યારે તો શેઠે કહ્યું "ભલે બેટા ! હું નવો યુવાન રસોયો લઈ આવીશ" શેઠે પુત્રવધૂને બીજા કોઈ શબ્દ ન કહ્યા હવે પુત્રવધુને સુધારવા કરેલો કીમીયો.

## પુત્રવધૂને સુધારવા કરેલો કીમીયો :

શેઠે પુત્રવધૂને ધમકાવવાને બદલે મારવાને બદલે આત્મનિરિક્ષણ કર્યું આમાં મોટી ભુલ મારી જ છે. મેં એને બધી સુખ સુવિધાઓ આપી પણ તેની સાથે ઇન્દ્રીયો અને મન ઉપર અંકુશ રાખવા માટે તપની તાલીમ તો ન આપી ને ! ત્યારે આ પરિણામ આવ્યુ ને ! મારી ભુલનું મારે જ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ કે જેથી એને તપની તાલીમ મળે અને એનું મન દુર્વિચારોથી અટકે દુષ્ટ ઘોડા જેવા મનને કાબુમાં રાખવા માટે ધર્મરૂપી શિક્ષાની લગામ જરૂરી છે. સસરાજી સમજે છે કે મારે એને એવી રીતે રાખવી છે કે બીજે જાય નહિ, અને મારી આબરૂના કાંકરા થાય નહિ તેવી રીતે પ્રેમથી જીવાડવાની છે. આ માટે રસવંતા ભોજનો, વિગયનો ત્યાગ થાય તો જ બ્રહ્મચર્ય સારી રીતે પાળી શકાય. શેઠે પોતાની વણિક બુદ્ધિનો ઉપયોગ કર્યો. તેમણે કહ્યું "બેટા ! કાલે અગીયારસ છે. મારે તો ઉપવાસ કરવો છે. તો તમે જમનારા એકલા છો તો વૃદ્ધ રસોયો રસોઈ બનાવી દેશે. પછી હું યુવાન રસોયો લાવી દઈશ" વહુએ પોતાની પ્રતિષ્ઠા જમાવવા માટે કહ્યું. "બાપુજી ! તમને જમાડ્યા વિના હું નહિ જમુ. આપ જો આટલી ઉંમરે ઉપવાસ કરતા હો તો હું પણ ઉપવાસ કરીશ." સસરાએ આનંદપુર્વક કહ્યું. "દીકરી ! તારી જેવી ઈચ્છા." સંસ્કારી પુત્રવધૂનો આ ધર્મ છે. સસરાને તો આ જોઈતુ હતું. આ પુત્રવધૂએ કયારેય એકાસણા જેટલુ તપ નથી કર્યુ. તેના બદલે આજે ઉપવાસ કર્યો. ( મારા ઘરમાં આવ્યા પછી ) એટલે ઉપવાસ વસમો તો લાગે ને ઉલ્ટી થાય છે. છતાં શેઠ તેની દયા ખાતા નથી, કારણકે તેનુ જીવન સુધારવું છે એટલે તે શરીર સામુ નથી જોતા પણ તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવન સામે જુએ છે. તેના આત્માનું બગડી ન જાય અને સસરા–પિયર પક્ષને કલંકિત ન કરે.

હવે બીજો દિવસ થયો. સવારે પુત્રવધૂ પુછે છે બાપુજી! આજે પારણુ કરશોને? શેઠ કહે બેટી! આજે તીર્થંકર ભગવાનનો કેવળજ્ઞાન કલ્યાણકનો દિવસ છે. માટે આજે બીજો ઉપવાસ કરીશ. વહુ મનમાં વિચારે છે કે મારા સસરાજી મને દીકરી કરતાં સવાઇ સાચવે છે. પિતા તુલ્ય મારા સસરા આટલી ઉંમરે જો બીજો ઉપવાસ કરે તો મારાથી ખવાય? ન ખવાય. એટલે તુરત કહ્યું પિતાજી! આપ બીજો ઉપવાસ કરશો તો હું પણ આજે બીજો ઉપવાસ કરીશ. તેને તો ઉપવાસ વસમો લાગે છે છતાં કરવા તૈયાર થઇ. સસરા માને છે કે ઠીક થયુ છે. ત્રીજા દિવસે પુછે છે બાપુજી! આજે પારણું કરશોને? ના બેટા! આજે ભગવાનનુ નિર્વાણ કલ્યાણક છે. એટલે ત્રીજો ઉપવાસ કરીશ તમારે કોઇ દીવસ આવા કલ્યાણકો આવે છે. કે નહિ? શેઠે ત્રણ ઉપવાસ કર્યા ત્યારે પુત્રવધૂએ પણ ઉત્સાહથી કહ્યું બાપુજી! તમારી તો ઉંમર થઇ છે. આ ઉંમરે તમે અઠ્ઠમ કરો તો હું તો નાની બાળ છું શરીરે સશક્ત છે. હું પણ ત્રીજો ઉપવાસ કરીશ. શેઠ જુએ છે વહુ તો ત્રણ દીવસમાં નીતરી ગઇ છે. સાથે એ પણ જુએ છે કે તેના મન પર તપનો પ્રભાવ કેટલો પડ્યો છે? ત્રણ દિવસ પુરા થયા. ચોથા દીવસે પુછે છે બાપુજી! આજે તો પારણુ કરશોને? ના બેટા! આજે તો મોટી ચૌદશ છે. માટે હું પારણુ નહી કરૂ. ચોથો ઉપવાસ કરીશ. વહુને વસમુ તો લાગે છે. ત્યારે તે પોતાના આત્માને કહે છે કે ધિક્કાર છે તને! તારા ઘરડા સસરા બોલી શકતા નથી, બોલતા ફાંફા પડે છે છતા એ કરે તો તારાથી કેમ ન થાય? આજે તો ચૌદશ છે કર....કર.... થશે. તેણે પણ ચોથો ઉપવાસ કર્યો. શેઠે પુત્રવધૂની ખુબ પ્રશંસા કરતા કહ્યું, બેટા! તમારા જેવી ધર્માત્મા સ્ત્રીઓના પ્રતાપથી ધરતી ટકી રહી છે. વહુના મનમાં છે કે બાપુજી કાલે તો પારણુ કરશેને? ના બેટા! આજે તો મોટી પુનમ છે. આપણાથી ખવાય નહી. જૈનોથી મોટી પુનમે તો ન ખવાય. ત્રીજા દીવસથી પુત્રવધૂનું શરીર શીથીલ થવા લાગ્યું છે. તેણે જીવનમાં કયારેય પણ આટલો તપ કર્યો નથી. છતા સાહસથી કર્યો. તે કહે છે કે પિતાજી! તપશ્ચર્યા કરવાથી મારા મનમાં શાંતિ રહે છે. હું પણ પારણું નહી કરૂં, પાંચમો ઉપવાસ કરીશ. તેને તો ખુબ વસમું લાગ્યુ છે. પલંગમાં સુતી છે.

## તપે સર્જેલો ચમત્કાર :

પાંચમાં ઉપવાસે તો પુત્રવધૂના મનની ગુફામાં કામવાસનાના જે મલિન વિચારોનુ ઝેર હતુ તે બધુ નીકળી ગયું. તેના મનમાં શુદ્ધ ભાવોની સરવણી વહેવા લાગી. આંખમાં દડદડ આંસુની ધારા થઇ. ભગવાન! ધિક્કાર છે મારા આત્માને! હું કેટલી દુષ્ટા છું, પાપણી છું, આ અભાગણીને સુધારવા માટે મારા સસરાએ ઉપવાસ કર્યા છે. મારા સસરાએ મને બધી સ્વતંત્રતા સત્તા સોંપી દીધી પણ મેં મારા તન–મન ઉપર અંકુશ ન રાખ્યો એટલે કુળને કલંકીત કરે તેવા વિચારો મારા મનમાં આવ્યા. ધિક્કાર છે મને! મને તપના અંકુશની તાલીમ આપવા માટે મારા સસરાજીને પાંચ ઉપવાસ કરવાનું કષ્ટ ઉઠાવવું પડ્યુ ને? હવે સવાર થતા મારૂ પાપ તેમની પાસે પ્રગટ કરીશ અને મારા અપરાધની માફી માગી લઇશ હવે તો કાલે ઉપવાસ નહિ કરવા દઉં. સારા ખોટા વિચારોનું પ્રતિબિંબ પડ્યા વગર રહેતુ નથી વહુનુ બોલવુ ચાલવુ જોઇને શેઠ સમજી ગયા કે તેની દ્રષ્ટીમાં ફરક છે. છઠ્ઠા દીવસે સવારે કહ્યું કે વહુ બેટા! આજે હું પારણું કરીશ. પારણુ કર્યા બાદ યુવાન રસોયાને લાવીશ. બાપુજી! હવે યુવાન રસોયો નથી જોઇતો. સસરાજીના પગમાં પડી ચોધાર આંસુએ રડી. ધિક્કાર છે

For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને હજારોવાર. આપે મને કરોડોની સંપત્તિની મીલકતની ચાવીઓના ઝુડા દઇ દીધા. તમે તમારા જીવનનો વિચાર પણ નથી કર્યો કે મારૂ શું થશે ? છતા આ દુષ્ટા અભાગણીએ આવા કુળને કલંકિત કરે તેવા વિચારો કર્યા ! આપ મારા દુષ્ટા ભાવને સમજી ગયા અને સાચા ગારૂડી બનીને મારા ઝેર ઉતાર્યા છે. મારા માટે જ આપને પાંચ પાંચ ઉપવાસ કરવા પડ્યા છે. સસરાને ધર્મપિતા માનીને પોતાનું પાપ તેમની પાસે પ્રકાશી દીધું.

દિલનો પશ્ચાતાપ હશે તો પાપને બાળી દેશે; અગ્નિ પરીક્ષા દઇ અંતર શુદ્ધ બનાવી દેશે.

ભુલ સમજાતા વાર ન લાગી. રસ્તે આવી જાય છે પાપ બધાથી થાય છે ભુલને પાત્ર તો સૌ કોઈ છે. પશ્ચાતાપ કરે તે સાચો માનવ....



## સંકટ એ જ વરદાન.....

જીવનની સહજ યાત્રામાં ધૂપ-છાંવના પ્રસંગો તો આવવાના જ.... છાંયડો દરેકની સહજ અપેક્ષા હોય એ સ્વાભાવિક છે, પરંતુ મને છાંયડો જ મળવો જોઇએ એવો હઠાગ્રહ શું કામ ?

જીવન ચંદનના વૃક્ષ જેવું છે. ઉગવાની સ્થિતીમાં એની મહેંકનો અનુભવ ઓછો થાય છે પણ કુહાડાના ઘા એની ખરી સુવાસના પ્રસારનું નિમીત્ત બને છે. સંકટને જીવન વિધાયક શિક્ષક ગણવામાં આવે છે. સહેલાઇથી મળતા સુખો આપણી મર્દાનગી છીનવી લે છે. પ્રચંડ પુરૂષાર્થ સંકટોને દૂર કરવાનો અજબ કીમિયો છે....

સંકટો સામે નમતું જોખવું એ માનસિક નબળાઇ છે એટલે સંકટોને શાપ નહિ પણ વરદાન માનવું એ જ હિતકર છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શોકાંજલિ

શ્રી કાન્તિલાલ હેમરાજભાઇ વાંકાણીના તા. ૨૨-૧૧-૯૫ના રોજ અચાનક અમેરીકામાં અવસાન થયાના સમાચાર સાંભળી આ સભા અત્યંત ઘેરા દુઃખની લાગણી અનુભવે છે. તેઓ આ સભામાં છેલ્લા ૫૦ વર્ષથી સક્રીય રસ લેતા હતા. કારોબારી સમિતીના ઘણા વર્ષથી સભ્ય હતા અને ઘણા સમયથી સભાના મંત્રી તરીકે પણ ખંતપૂર્વક ફરજ બજાવતા હતા. લાયબ્રેરી વિભાગમાં પણ સારો એવો રસ લેતા અને જરૂરી માર્ગદર્શન આપતા હતા. તેમજ સભા તરફથી યોજાતા યાત્રા પ્રવાસમાં પણ ડોનર હતા. તેઓ ખુબ જ ધાર્મીક વૃત્તિના હતા અને સભાની દરેક પ્રવૃત્તિમાં પણ સારો રસ લેતા. તેઓશ્રીના સ્વર્ગવાસથી આપણી સભાને ભારે મોટી ખોટ પડી છે. તેઓશ્રીના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખ સહન કરવાની પરમકૃપાળુ શાસનદેવ શક્તિ આપે તેમજ તેઓશ્રીના આત્માને પરમાત્મા પરમ ચિર શાંતિ આપે એવી પ્રાર્થના કરીએ છીએ.

લી. શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઈટ, ભાવનગર

# શોકાંજલિ

શ્રી કાન્તિલાલ નથુભાઇ શાહ (ઉ.વ.૭૬) તા. ૧૪-૧૨-૯૫ ગુરૂવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા અને ખુબ જ ધાર્મીક વૃત્તિવાળા તથા મીલનસાર સ્વભાવના હતા તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુ ખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમકૃપાળુ શાસનદેવ ચિર શાંતિ આપે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ

લી. શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઇટ, ભાવનગર

# શોકાંજલિ

શ્રી અમૃતલાલ જેઠાલાલ મહેતા (ઉં.વ.૮૩) મેસર્સ રમણીકલાલ એન્ડ બ્રધર્સવાળા તા. ૨૨-૧૨-૯૫ શુક્રવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. તેઓશ્રી ખુબ જ ધાર્મીક વૃત્તિવાળા અને મીલનસાર સ્વભાવના હતા. તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખમાં સભા સમવેદના પ્રગટ કરે છે. તેમના આત્માને પરમ શાંતિ મળે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

લી. શ્રી જૈન આત્માનંદ સભા-ખારગેઇટ, ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# हिन्दी विभाग

धारावाहिक धार्मिक कथा

## जिनदत्त

(अन्तिम भाग)

मुनिराज यशविजय

इस से पूर्व आप पढ चुके हैं कि जिनदत्त ने वामन का रूप बनाया। उसके पश्चात् उसने मदोन्मत हाथी को ठीक किया एक केवल ज्ञानी के कथनानुसार राजा को वामन की यथार्थता का पता चला। वामनने अपना असली रूप प्रकट किया और उसका विवाह राजा की लडकी से हुआ और राज्य भी मिल गया। अब आगे पढिये...

अब जिनदत्त राजा बन गया। इस में राजा के योग्य सभी गुण विद्यमान थे। वह श्रेष्ठ आचार वाला, सौम्य प्रकृति वाला, सदाचारी था। छत्तीस राजा दिनरात उस की सेवा करते थे। धर्म के प्रभाव से इन्द्रियों और मन को प्रिय लगनेवाले उसे सब सुख प्राप्त थे।

एक दिन जिन दत्त के पास विमलमती, श्रीमती और विज्जहरी बैठी हुई थी। जिन दत्तके समुद्र में गिरने के पश्चात् जो जो घटनाएं उस के साथ घटी थी प्रत्येक ने उसे बताया और फिर कहने लगी, "स्वामिन्! आप से अलग होने के पश्चात् जिसे दुःख का हमने अनुभव किया वे बहुत अधिक थे तथा हम किसी को कह नहीं सकते थे।" राजा ने कहा कि यह सब कर्मो की लीला है। कहा भी है—

सव्वे पुव्वकयाणं कम्माणं
पावए फल विवागं।
अवराहेसु गुणेसु य
निमित्तचित्तं परो होई॥

अर्थात्—सब पूर्वोक्त कर्मानुसार फल मिलता है, अपराध, गुण अथवा अन्य कोई कुछ इस में केवल निमित्त मात्र है। दमयन्ती ने अपने पूर्व भव में बारह घडी प्रमाण समय तक मुनि को दुःख दिया था जिस के फलस्वरुप उसे बारह वर्ष तक अपने पति नल का वियोग सहना पड़ा। जो भी व्यक्ति को दुःख प्राप्त होते है उनका एकमात्र कारण कर्म ही है। जीवों को सुखदुःख चक्र की भान्ति बदलता रहता है। अतः तुम्हें सुख-दुःख में एक समान भाव रखना चाहिए। राजा का समय सुख पूर्वक व्यतीत हो रहा था।

एक दिन जीनदत्त को माता पिता की

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



याद आ गई। उसने सेनापति को बुलाया और सेना सहित बसन्तपुर की तरफ जाने को कहा। सेना में रथ, हाथी, घोडें, पैदल चलने वाले तथा अस्त्र शस्त्र आदि हर प्रकार के साधन विद्यमान थे। मार्ग में जाते हुए अनेक देशों के राजा, राणा, मण्डलिक जिन दत्त को मिलते थे और सभी उसकी आज्ञा का पालन करते थे।

सेना बढती हुई बसन्तपुर के पास पहुंच गई। अरिमर्दन राजाने अपने मन्त्री के द्वारा जिनदत्त राजा के लिए बहु मूल्य उपहार भेंट स्वरूप भेजा। जिनदत्तने उस भेंट को स्वीकार नहीं किया और मंत्री से कहा 'जीव देव श्रेष्ठी पत्नी सहित चाहिए अन्यथा युद्ध के लिए तैयार रहो।" राजा ने सेठको देने से इन्कार कर दिया। मंत्रियों ने भी उसे बहुत समझाया परन्तु वह नहीं माना। राजा की मान्यता थी कि सेठ और उसकी पत्नी मेरी प्रजा है और उनकी रक्षा करना मेरा कर्तव्य है। जब कई दिन तक राजा ने जीवदेव सेठको न भेजा तो जिनदत्त राजा की सेना ने आक्रमण कर राज्य का कुछ भाग ले लिया। फिर किसी के कहने पर जीव देव सेठ अपनी मर्जि से अपने राजा की आज्ञा बिना जिनदत्त के पास अपनी पत्नी सहित चला गया।

जीवदेव की दशा बिगड चुकी थी। वह अब धनवान नहीं था। पुत्र के घर में से जाने के पश्चात् वह एक साधारण व्यक्ति रह गया था। उस के पास अब लक्ष्मी नहीं थी। सेठ अपने पुत्रको पहिचान न सका परन्तु सेठजीने अपने पुत्र को पहिचान लिया। माता पिताकी दशा देख कर जिनदत्त को बहुत पश्चाताप हुआ। राजा अपने माता पिता को कहने लगा, "हे पूज्य! शास्त्रों में पुत्र को कुल दिपक कहा है परन्तु मैंने तो आपको दुःख ही दिया है! मैं आप के लिए क्लेशकारक रहा हूं,। कृपया मुझे क्षमा करें। फिर पिता ने कहा "ये उपालम्भ देने ठीक नहीं है। जो भी हुआ है अच्छे के लिए ही हुआ है। यदि तुम विदेश न जाते, तो राज्य कहा से मिलता था।" फिर एक दूसरे ने अपनी आपबीती सुनाई।

उधर अरिमर्दन राजा विचार करने लगा कि जीव देव सेठ अपनी पत्नी के साथ आठ दिन से शत्रु राजाके पास है। फिर किसीने अरिमर्दन राजा को कहा कि जीवदेव उस नये आए हुए राजा का पिता है और उसकी पत्नी माता है और राजा जिनदत्त है तो राजा को विश्वास न हुआ। फिर पूरी तसल्ली की गई जिससे वह विश्वस्त हुआ। राजा जिनदत्त को मिलने गया तो वह बडे प्रेम से मिला। जिनदत्तने विदेशगमन से लेकर राज्य प्राप्ती तक सब वृत्तांत अरिमर्दनके सामने कहा। राजा जिनदत्त की प्रशंसा करता है परन्तु वह नीचे मुख करके कहने लगा, "मेरे में कोई गुण नहीं हैं। राज्य आदि सब यहां ही रह जायगा, साथ में कुछ भी जानेवाला नहीं है।"

अरिमर्दन राजा फिर कहने लगा, "हे सौम्यमूर्ते! आपने जो अपने माता पिता

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इतने क्रोधपूर्वक मांगे इसमे क्या रहस्य था।" तब जिनदत्त ने कहा "मैं यह देखना चाहता था कि आप अपनी प्रजाकी रक्षा करते है या कि नहीं। यह मेरे मन में कौतुक था। मेरे मन में यह भी कुविकल्प आया था कि यदि यह राजा मेरे माता पिता को बांध कर मुझे समर्पण करेगा तो मैं इसके राज्य को समाप्त कर दूंगा, परन्तु आपने ऐसा नहीं किया तथा आपने अपनी प्रजा की रक्षा की है। आप निश्चित रूपसे सात्विक शिरोमणि है।" दोनों राजा मिलकर अत्यन्त प्रसन्न हुए।

महाराजा जिनदत्तने द्युतकारों को बुलाया और इस प्रकार कहने लगा, "हे भद्रो। मेरे से डरना मत। मैं न्यायप्रिय हूं। मैं आप से कुछ नहीं कहुंगा। परन्तु मैं एक बात कहना चाहता हूं, जो कंचूक मैं जुए में हार गया था वह कहां है। उन्होंने उसे जहां रखा था वहां से लाकर दे दिया। राजा ने कंचुक की कीमत दे दी। राजा अरिमर्दन जुआरियों को दंड देना चाहता था परन्तु जिनदत्त का पिता कहने लगा "ये द्युतकार निरपराध हैं। मैं ने ही इन्हें जुए में फसाने की प्रेरणा दी थी।" फिर जिनदत्त ने भी महाराज से उन्हें क्षमा करने के लिये कहा। फलस्वरूप द्युतकारों का क्षमा कर दिया गया।

फिर अरिमर्दन राजा अपने मन में विचार करने लगा, जिनदत्त जैसा उत्कृष्ट भाग्यवान पुरुष इस संसार में नहीं हैं। दूसरे मेरा लडका भी नहीं है तथा मैं वृद्ध हो गया हूं। तीसरे यदि मैं जीव देव श्रेष्ठी को सेठानी सहित अपनी मर्जी से दे देता तो भी इसने राज्य ले लेना था और चौथे मेरी पुत्री सौभाग्य लता अभी तक अविवाहित है और जिन दत्त इस के लिये योग्य वर है अतः यह श्रेष्ठ होगा कि अपनी पुत्री का विवाह जिनदत्त से कर दूं और राज्य भी दें दूं।"

राजा ने जीब देव से भी विचार विमर्श किया और दोनों के कहने से जिनदत्त ने विवाह के लिये अपनी स्वीकृति दे दी। महोत्सव पूर्वक जिनदत्त और सौभाग्य मंजरी का विवाह हो गया। फिर धर्मघोष मुनि उस नगर मे पधारे और उन्हों ने वहां पर धर्मोपदेश दिया जिस से प्रभावित होकर महाराज अरिमर्दन ने उन्हें विनती की, "हे भगवन्। संयमरूपी जहाज देकर मुझे संसार सागर से तारो।" इसी प्रकार जीवदेव सेठ नें भी कपने पुत्र जिनदत्त से दीक्षा के लिये संमति मांगी। फलस्वरुप राजा सेठ और सेठानी ने दीक्षा ली और जिन दत्त ने बारह व्रत लिये।

फिर राजा जिनदत्त ने वसन्तपुर में एक बहुत सुन्दर मन्दिर का निर्माण किया। इसके अतिरिक्त शास्त्रग्रन्थों को लिखवा कर ज्ञान भण्डार का निर्माण किया, श्री संघ की भक्ति की तथा सात क्षेत्रों में धन का व्यय किया। एक बार किसी विदेश से आए हुए पुरुष नें जिनदत्त राजा से कहा, "हे राजन्! श्री अरिमर्दन राज ऋषि और जीवदेव मुनि स्वर्ग सिद्धार गये हैं।" यह सुनकर राजा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



की आंखों में आंसू आ गये और वह सोचने लगा :-

तपोनियमसुस्थितानां कल्याणं
जीवितमपि मरणमपि ।
जीवन्तः अर्जयन्ति गुणान्,
मृता अपि पुनः सुगतिं यान्ति ॥

अर्थात् तप और नियममें जो अच्छी तरह से स्थित हैं वे जीते हुए तथा मरते हुए भी कल्याण को प्राप्त होते हैं। जीते हुए गुणोंका अर्जन करते है तथा मृत्यु के बाद सुगति को प्राप्त होते है।

त्यक्त्वा जीर्णमिदं देहं लभते च पुनर्जनम्।
कृतपुण्यस्य जीवस्य मृत्युरेव रसायनम् ॥

अर्थात् प्राणी इस पुराने शरीरका त्यागकर पुनः नया शरीर प्राप्त करता है, परन्तु जिस जीवने पुण्य किये होते हैं उसके लिये मृत्यु ही रसायन है।

अपने प्रियजनों की मृत्यु के समाचार सुन कर राजा के मनमें परिणाम विशुद्ध होते गये तथा उसके मनमें भाव शुद्ध होते गये तथा उसके मनमें संयम लेनेंकी भावना उत्पन्न हुई। राजाने विमलबोध मंत्रीको सम्बोधन करते हुए कहा, "हे मन्त्रीवर! वे मुनि धन्य हैं जिन्होंने तप, संयम, राम, संवेगकी आराधना कर सुगति को प्राप्त हुए है। मैं तो अधन्य हूं जो कि पापरूपी कीचड में लिप्त हूं।" तब महामंत्री ने कहा, "आप पापी नहीं है परन्तु सदाचार पालनसे आप पुण्यवान है।" इसी सम्बन्धमें मंत्रीने कहा :—

राज्ञि धर्मिणी धर्मिष्ठा पापे पापा समे समाः।
राजानमनुवर्तन्ते यथा राजा तथा प्रजाः ॥

अर्थात्–राजाके धर्मी होने पर प्रजा धर्मी होती है, पापी होने पर पापी होती है राजा जैसा होगा प्रजा वैसी ही होगी। प्रजा राजा का अनुसरण करती है। जैसे राजा होगा प्रजा भी वैसी ही होगी।

राजा कहने लगा, "मैं मोहनिद्रामें पड़ा हुआ हूं। महारम्भ और परिग्रहमें नग्न हूं, संसाररूपी व्यापारमें लग्न हूं। देश, राज्य आदिके कर्म करते हुए मेरा मोक्ष नहीं हो सकता।" राजा की भावना दीक्षा लेने की बढती गई। निकटवर्ती जिन मन्दिरमें गया, वीतराग देवकी प्रतिमा को वंदन किया भावना विशुद्धतम बन गई। फलस्वरूप क्षपक श्रेणी पर पहुंच कर ज्ञानावरणीय आदि चार घातीकर्मोको क्षय कर गृहस्थावस्था में ही केवलज्ञान प्राप्त किया। उस समय शासनदेवने मुनिवेष अर्पण किया तथा जिनदत्त केवली ने धर्मदेशना दी। केवली भगवानने धर्मके सम्बन्धमें धर्मोपदेश दिया और अन्तमें अपने पूर्वभवका वर्णन इस प्रकार से किया :—

दशपुरमें शिवधन नामका एक वणिक रहता था। उसकी धर्मपत्नी का नाम यशोमती था। उनका एक पुत्र हुआ जिसका नाम शिवदेव था। जब शिवदेव आठ वर्षका हुआ तो सिर दर्दके कारण शिवधन मृत्यु को प्राप्त हुआ। शिवधनके मरने पर धन चला गया, दारिद्रता का आगमन हुआ। शिवदेवकी माता अपने पुत्र सहित उज्जयणी में आ गई। यशोमती

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तो घर का काम करने लगी और शिवदेव गाय भैंस चरानेका काम करने लगा।

शिवदेवने एक महातपस्वी मुनिको देखा। उसने बहुमान पूर्वक तपस्वी मुनिको वंदन किया। फिर वह मनमें विचार करने लगा, "यदि यह मुनि मेरे घरमें पारणा करे तो कितना सुन्दर हो। पता नहीं, मेरे भाग्य में इस मुनि का पारणा है या कि नहीं ?"

फिर माघ मास की पूर्णिमा के दिन वह मुनि शिवदेवके घरमें पारणे के निमित्त आया। पहले शिवदेवने खीर बोहराई, फिर मुनि को दो बडे दिये। फिर माताने सब तरहके सामान से भरी एक थाली अपने लडके को दी। मुनिने उसमें से कवल मात्र लिया। तत्पश्चात् मुनि अपने स्थान पर चले गये। वहां पर उस समय पांच कन्याएं भी थीं, उन्होंने उस दान की अनुमोदना की।

मरणोपरान्त शिवदेव जीव देवका पुत्र मैं (जिनदत्त) हुआ। सुपात्रदान की अनुमोदना करनेवाली पांच कन्याएं मेरी पांचो धर्मपत्नियां बनीं। यशोमती मेरी माता बनी।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पूर्णता की खोज

— मुनि नवीनचन्द्र विजय

सुखी, समृद्ध और लक्की मेन गिना जाने वाला आज का प्रत्येक व्यक्ति आपने आप में कुछ कमी महसूस करता है, उसे यह प्रतिक्षण लगता है कि यह भीतर से कुछ खाली है। सफलता और समृद्धि के शिखर पर रहने वाला आज का हर आदमी अपने आपको अपूर्ण अनुभव करता है। आखिर ऐसा क्यों हो रहा है जिसके पास सब कुल है वह भी अपने आपको अधूरा क्यों महसूस कर रहा है। कुछ न कुछ महत्वपूर्ण छूट जाने की उसकी भीतर की पुकार है। वह पुकार क्या है, वह अपूर्णता, वह कमी और अब अधूरापन क्या है। जिसका व्यक्ति हरपल अनुभव करता है। गरीब, भी, मध्यम भी और अमीर भी।

आदमी स्वयं इस बात को समझ नहीं पाता है कि मेरे मन और हृदय अधूरापन क्यों महसूस करते हैं। और यह अधूरापन कैसे भरा जा सकता है। अपने भीतरी अधूरेपन को मनोरंजन के विदेश भ्रमण से तीर्थ यात्रा से भरना चाहते हैं। वे इसके लिये पैसे भी खर्चा करते हैं फिर भी वे अपने इस भीतरी अधूरेपन को भर नहीं पाते। वे प्यासे के प्यासे ही रहते हैं।

यह मनुष्य मात्र की करुणा है कि वह वास्तव में अपूर्ण है। उसकी आत्मा मन, बुद्धि और हृदय आदि सब कुछ अपूर्ण है। उसकी आत्मा जो इस समय अपूर्ण बनी हुई है, पूर्णता प्राप्त करना चाहती है। अखंड और परिपूर्ण होना चाहती है। समृद्धि और सफलता के शिखर पर पहुंच जाने से आत्मा की पूर्णता नही आती, मनोरंजन से आत्मा का रंजन नहीं होता, विश्व की परिक्रमा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



करने से आत्मा की परिक्रमा नहीं होती। तीर्थ यात्रा से आत्मा की यात्रा नहीं होती भगवान के दर्शन से आत्मा के दर्शन नहीं होते प्रत्येक मनुष्य के भीतर आत्मा है और प्रत्येक आत्म हरिपूर्ण होना चाहता है, पूर्णता उसका स्वभाव है। इसलिये वह अपने स्वभाव में आना चाहता है। आत्मा अनंतज्ञान युक्त चैतन्य स्वरूप है, वह अपने स्वरुप में जाना चाहता है इसलिये वह एक प्रकार की अपूर्णता अनुभव करता है। आदमी अपने जीवन में आत्मा की परिपूर्णता के लिये कोई प्रयत्न नहीं करता इसलिये उसे अपने जीवन में असंतोष रहता है।

एक दिन फूलने आर्तभाव से पुकारा "मेरे प्राण" फल, तुम कहां हो फल ने सस्मित उत्तर दिया—"नहीं जानते, मैं तुम्हारे ही अन्दर में छिपा बैठा हूं। रवीन्द्रनाथ टेगौर का यह रूपक एक बहुत बडे सत्य को उद्घाटित करते हैं।

एक बार फूल को जिज्ञासा हुई कि मेरा प्राण तो फल है, वही मेरा स्वामी और भगवान हैं। लेकिन वह मुझे कहीं दिखाई नहीं देता, मेरे प्राण होने पर भी वे मुझसे अद्रश्य हैं, मेरे भगवान होने पर भी मुझे दिखाई नहीं देते आखिर वह है तो हैं कहां? मै उसे कहां ढूंढू? मुझे मेरे स्वामी के दर्शन कब होंगे? मैं तो उसके बिना तड्प रहा हूं। मुझसे उसका वियोग सहा नहीं जा रहा हैं। मेरे आंसू की एक एक बूंद उन्हें समर्पित हैं। मैं उसके बिना अब एक क्षण भी रह नहीं सकता। फूल की पीडा बढती जाती हैं और वह करूण स्वर से पुकार उठता है ओ मेरे प्राण! ओ मेरे स्वामी! ओ मेरे परमात्मा! मैं तुम्हें ढूंढ कर थक गया हूं। आखिरकार ओ देव! तुम कहां हो। तब फल ने फूल को मुस्कराते हुये अपना पता बताया—प्यारे फूल! तु मुझे क्यों बाहर ढूंढ रहे हो, बाहर मैं कहीं नहीं हूं। तुम जहा ध्यान से देखो। मैं तो तुम्हारे भीतर ही छिपा हुआ हूं। जो चीज तुम्हारे भीतर हैं उसे बहार खोजने की मूर्खता क्यों?

संसार का प्रत्येक मनुष्य फूल जैसी मूर्खता कर रहा हैं। वह पूर्णता को बाहर खोज रहा हैं कोई छत में खोज रहा हैं कोई घर और दुकानमें खोज रहा हैं। कोई वासना की तृप्ति से खोज रहा हैं। कोई शरीर के सौन्दर्य में। पर उसे पता नहीं है कि जिस पूर्णता को वह बाहर खोज रहा है. वह तो उसके भीतर है।

यदि हम तीर्थयात्रा करते हुए आत्मा को यात्रा करते हे, संत महात्माओ जो


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



के दर्शन करते हूए हम आत्मा के दर्शन करते हें, मंदिर में जाकर परमात्मा की मूर्ति की पूजा करते समय हम अपने आत्मा स्वरुप की ही पूजा करते हें और धर्मलतथा अध्यात्म की साधना करते हुए आत्मा की ही आराधना करते हे तो समझना चाहिये कि हम पूर्णता की खोज के पथ पर हे।

प्रस्तुति : प्रकाशचन्द्र बोहरा, बाडमेर
श्री परमार क्षत्रिय जैन सेवा समाज
पावागढ–३८९३६०



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સંવત ૨૦૫૨ના મહા શુદ ૯ ને રવિવાર તા. ૨૮–૧–'૯૬ના રોજ સવારના ૧૦–૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે; તો આપને હાજર રહેવા વિનંતી છે.

કાર્યો :—

(૧) તા. ૨૨–૧–'૯૫ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(૨) તા ૩૧–૩–'૯૫ સુધીના આવક–ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા. આ હિસાબ તથા સરવૈયા વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરવા માટે ભલામણ કરેલ છે. સભ્યોને જોવા માટે તે સભાના ટેબલ પર મૂકેલ છે.

(૩) તા. ૧–૪–'૯૫ થી તા. ૩૧–૩–'૯૬ સુધીના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજૂરી આપવા.

(૪) આવતા ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીના કાર્યક્રમની ચર્ચા વિચારણા કરવા.

(૫) પ્રમુખશ્રીની મંજૂરીથી મંત્રી રજુ કરે તે.

લી. સેવકો,
કાંતિલાલ રતીલાલ સલોત
દિવ્યકાંત મોહનલાલ સલોત
માનદ્ મંત્રીઓ

તા. ૨૧–૧૨–૯૫
ભાવનગર

---

તા. ક. : આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તેજ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

## નમ્રતા એ જ સંપત્તિ....

फलोद्गमैर्द्रुमा नम्राः
सज्जना विभवोद्गमैः ॥
प्रशस्यते मृदुत्व
च मान आचारत्यरोषकः ॥

卐

* જેમ વૃક્ષો ફળો આવવાથી નમ્ર બને છે, તેમ સજ્જનો સમ્પત્તિ વધતાં નમ્ર બને છે. મૃદુતા લોકોની પ્રશંસા પામે છે, જ્યારે અભિમાન તરફ લોકોને અણગમો થાય છે.

卐

* As trees become bent by load of fruit, so good men become humble by the acquisition of riches. Gentleness is praised, while arrogance is disliked.

BOOK-POST

૨૦૦ ઝવેરી ચેલાભાઈ હાથીભાઈ
ચોપાટી, ફુલચંદ નિવાસ ચોથે માળે,
બ્લોક નં. ૧૬, મુંબઈ-૭

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર